198. અભિક્રમિત અધ્યયન એ .......... કેન્દ્રી અધ્યાપન પ્રક્રિયા છે.

(A) વિષયવસ્તુ (B) અધ્યયન

(C) અભિરુચિ (D) અધ્યેતા

199. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 અનુસાર બોર્ડના સેક્રેટરીની નિમણૂંક કોણ કરે છે?

(A) રાજ્યપાલ (B) રાજ્ય સરકાર

(C) બોર્ડના સભ્યો (D) બોર્ડના અધ્યક્ષ

200. ધોરણ-1 માં પ્રવેશ માટે વિદ્યાર્થીના ઈન્ટરવ્યુ લેતી શાળાને પ્રથમવારના ગુન્હા માટે RTE કાયદા અનુસાર કઈ શિક્ષા થઈ શકે?

(A) રૂા. 50,000 સુધીનો દંડ (B) રૂા. 25000 સુધીનો દંડ

(C) 2 માસની કેદ (D) શાળાની માન્યતા રદ થાય

201. RTE Rules 2012 ના નિયમ 33 માં રાજ્ય સલાહકાર પરિષદ રચવાની જોગવાઈ થયેલ છે. આ પરિષદના અધ્યક્ષપદે કોણ છે?

(A) પ્રાથમિક શિક્ષણનો હવાલો ધરાવતા રાજ્ય સરકારના મંત્રી

(B) શિક્ષણ સચિવ

(C) નિયામક પ્રાથમિક શિક્ષણ

(D) શિક્ષણવિભાગના નાયબ સચિવ

202. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ગુણવત્તાયુક્ત અને તટસ્થ મૂલ્યાંકન બાબતે ક્યા સુધારાઓ સૂચવાયેલ છે?

(A) P :– ગુણના બદલે ગ્રેડ આપવા

(B) Q :– માધ્યમિક કક્ષાએથી ક્રમશઃ સેમેસ્ટર પધ્ધતિનો અમલ કરવો.

(C) R :– ગોખણપટ્ટીને પ્રોત્સાહન ન મળે તેવી પરીક્ષા પધ્ધતિ વિકસાવવી

(D) S :– શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા મૂલ્યાંકન પધ્ધતિનો અસરકારક રીતે ઉપયોગ થવો.

(A) માત્ર P, Q અને R (B) માત્ર P અને Q

(C) માત્ર Q અને R (D) P, Q, R અને S તમામ

203. માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 ના ક્યા વિનિયમથી શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના શિસ્ત વિષયક પગલાની જોગવાઈ કરવામાં આવી છે?

(A) વિનિયમ 12-ક (B) વિનિયમ 27 અ

(C) વિનિયમ 30 (D) વિનિયમ 25(1)

204. મફત અને ફરજિયાત શિક્ષણના કારણે ઉભી થતી નાણાંકીય અને અન્ય જવાબદારીઓ કોના શિરે રહેશે?

(A) કેન્દ્ર સરકારના

(B) રાજ્ય સરકારના

(C) કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચાશે

(D) પ્રતિ વર્ષ માનવ સંસાધન વિકાસ મંત્રાલય નક્કી કરે તે પ્રમાણે વહેંચણી થશે.

**205.** 1995 માં જાહેર થયેલ ગુજરાત સરકારની "વિદ્યા સાધના" યોજનાનો હેતુ શો હતો?
(A) સાક્ષરતાનો દર વધારવાનો (B) શિક્ષણની ગુણવત્તા સુધારવાનો
(C) કન્યાઓનો ડ્રોપાઆઉટ દર ઘટાડવાનો (D) શિક્ષકોને તાલીમબધ્ધ કરવાનો

**206.** ખાસ અશક્તતા રજા તબીબી મંડળે પ્રમાણીત કરી હોય તે મુજબની રહે છે પરંતુ કોઈપણ સંજોગોમાં તે કેટલા સમયથી વધવી જોઈએ નહીં?
(A) બાર માસ (B) છ માસ
(C) ચોવીસ માસ (D) અઢાર માસ

**207.** ICT નિર્દેશિત અધ્યાપનમાં ઉપયોગી એવાં ePortfolio શું છે?
(A) દસ્તાવેજો, ફાઈલો, ચિત્રો, વિદ્યાર્થીની રજૂઆતોને એકત્ર કરતી અને તેનું વ્યવસ્થાપન કરતી વેબસાઈટ
(B) એવાં ફોલ્ડર કે જેમાં ઓન-લાઈન અધ્યેતા માટે જરૂરી સંકલ્પના-નકશા (concept-maps) નો સંગ્રહ કરેલો હોય.
(C) જેમાં મોકલવામાં આવતી પોસ્ટની લંબાઈ ખૂબ જ ઓછા કેરેક્ટરની રાખવામાં આવતી હોય છે.
(D) ઓન-લાઈન અધ્યેતા માટેના અભ્યાસક્રમમાં હોય તેવા દરેક ટોપિક માટે ઉપયોગી વેબસાઈટની યાદીનો સંગ્રહ.

**208.** સામાન્ય રીતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સમિતિઓના સભ્યોના હોદ્દાની મુદત 2 વર્ષની હોય છે પણ એક સમિતિ એવી છે કે જેના સભ્યો નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષ માટે હોદ્દો ધરાવી શકે છે? આ સમિતિ કઈ?
(A) અંદાજપત્ર સમિતિ (B) નાણાં સમિતિ
(C) અભ્યાસ સમિતિ (D) મેગેઝીન અને પ્રકાશન સમિતિ

**209.** જે અર્ધવર્ષમાં સરકારી કર્મચારી નિવૃત્ત થવાનો હોય તે અર્ધવર્ષ માટે નિવૃત્તીની તારીખ સુધી પૂરા થયેલ પ્રત્યેક અંગ્રેજી માસ માટે ક્યા દરે પ્રાપ્ત રજા જમા કરવામાં આવે છે?
(A) 2½ દિવસ (B) 2 દિવસ
(C) 3 દિવસ (D) 1½ દિવસ

**210.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષના હોદ્દાની મુદત કેટલી હોય છે?
(A) 2 વર્ષ (B) 3 વર્ષ
(C) 5 વર્ષ (D) રાજ્ય સરકારની મરજી હોય તેટલી

**211.** RTE અનુસાર બધા બાળકોને ધોરણ 8 સુધી પાસ કરી દેવાના છે. તેમ છતાં શાળાઓમાં પરીક્ષાઓ લેવાનો હેતુ શો છે?
(A) વાલીઓને સંતુષ્ટ કરવા માટે
(B) વિદ્યાર્થીઓમાં અભ્યાસ માટેની અભિપ્રેરણા (Motivation) ઉભી કરવા.
(C) વિદ્યાર્થીઓની જે તે વિષયમાં ક્યાશ જાણી તે પ્રમાણે અધ્યાપન કાર્યમાં ફેરફાર કરવા.
(D) વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આગળ વધી શકે તે માટે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું કરવા માટે.

212. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 અનુસાર "ફરજિયાત શિક્ષણ વિસ્તાર" એટલે શું?

(A) જે વિસ્તારમાં કોઈપણ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ ફરજીયાત હોય તે વિસ્તાર.
(B) સરકારદ્વારા ચાલતી અથવા અનુદાનદ્વારા ચાલતી પ્રાથમિક શાળાઓ જે વિસ્તારમાં હોય તે વિસ્તાર
(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના કાર્યક્ષેત્ર હેઠળનો વિસ્તાર
(D) નગરપાલિકાની હદમાં આવતી પ્રાથમિક શાળાઓ સમાવતો નગરપાલિકા હેઠળનો વિસ્તાર.

213. બીજા રાજ્યમાંથી આવનાર વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે આચાર્યશ્રીએ કઈ મહત્ત્વની બાબત ધ્યાને લેવાની હોય?

(A) ઉમેદવારે શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર રજૂ કર્યુ હોય.
(B) જે જીલ્લામાં પ્રવેશ લેવા આવેલ હોય તે જીલ્લાના શિક્ષણાધિકારીની સામી સહી શાળા છોડ્યાના પ્રમાણપત્ર પર મેળવી હોય.
(C) જે રાજ્યમોથી આવતો હોય ત્યાંના સંબંધિત જીલ્લા શિક્ષણાધિકારીની સામી સહી શાળા છોડ્યાના પ્રમાણપત્ર પર મેળવેલ હોય.
(D) ગુજરાતના શિક્ષણ નિયામકશ્રીની મંજૂરી મેળવેલ હોય.

214. અધ્યાપકોના પગારનું નિર્ધારિણ ક્યા કમિશન દ્વારા સૌ પ્રથમ કરવામાં આવેલું છે?

(A) રાધાકૃષ્ણ કમિશન
(B) કોઠારી કમિશન
(C) સેડલર કમિશન
(D) હાર્ટોગ કમિશન

215. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ડાયાબીટીસ ટાઈપ-1 થી પીડાતા ઉમેદવારોને પરીક્ષા ખંડમાં ખાદ્ય પદાર્થો લઈ જવાની મંજૂરી આપતો નિર્ણય લેવાયેલ છે?

(A) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
(B) ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ
(C) મહારાષ્ટ્ર માધ્યમિક શિક્ષણ બોર્ડ
(D) સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજ્યુકેશન

216. પ્રવર્તમાન ધોરણો મુજબ ગ્રામ્ય વિસ્તારમાં નવી સ્વનિર્ભર માધ્યમિક શાળા શરુ કરવી હોય તો કેટલું મેદાન હોવું જોઈએ?

(A) 2000 ચો.મી.
(B) 1200 ચો.મી.
(C) 1 એકર
(D) 2 એકર

217. શિક્ષણના સંદર્ભમાં સામાજિક માંગ, માનવબળનું સર્જન અને વળતરનો દર એ ત્રણે અભિગમો શાની સાથે સંકળાયેલા છે?

(A) શૈક્ષણિક આયોજન
(B) કારકિર્દીની પસંદગી
(C) પરીક્ષણ પ્રણાલી
(D) શિક્ષકોનું પ્રશિક્ષણ

218. RTE નિયમો 2012 અનુસાર નીચે પૈકી ક્યા કિસ્સામાં બાળકને પ્રાથમિક શાળામાં પ્રવેશ આપી શકાય નહીં; (તેના વાલીની ઈચ્છા હોય તો પણ).
(A) 1 જૂનના રોજ 6 વર્ષ પૂર્ણ થયા હોય
(B) 1 જુનના રોજ 5 વર્ષ પૂર્ણ થતા હોય
(C) 1 જૂનના રોજ 4½ વર્ષ થતા હોય.
(D) 1 જૂનના રોજ 5½ વર્ષ થતા હોય.

219. માધ્યમિક શિક્ષણ પંચની નોંધપાત્ર ભલામણો કઈ હતી?
(i) વ્યવસાયલક્ષી કૌશલોનું નિર્માણ
(ii) પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો વિકાસ
(iii) નેતૃત્વના લક્ષણોનો વિકાસ
(iv) લોકશાહીય નાગરિકત્વની કેળવણી
(A) i, ii, iii
(B) i, iii, iv
(C) ii, iii, iv
(D) i, ii, iv

220. સાક્ષરતા અને નિરંતર શિક્ષણ કાર્યક્રમને સહાયરૂપ થવા નેશનલ ઓપન સ્કૂલ અને સ્ટેટ ઓપન સ્કૂલ ક્યા પ્રકારનો ભાગ ભજવે છે?
(A) માસ્ટર ટ્રેનર તૈયાર કરે છે.
(B) તકનીકી અને વ્યવસાયલક્ષી તાલીમ આપે છે.
(C) અભ્યાસક્રમ બનાવે છે, સમકક્ષતા કાર્યક્રમોનું વ્યવસ્થાપન કરે છે.
(D) તાલીમી સંશોધન અને મૂલ્યાંકન કરે છે.

221. CBSE દ્વારા તાજેતરમાં નીચે પૈકીના ક્યા નિર્ણયો લેવામાં આવેલ છે.
(i) ધોરણ-10ની બોર્ડ પરીક્ષા ફરજીયાત કરાઈ
(ii) ગુણપત્રકમાં પર્સન્ટાઈલ રેન્ક આપવાનું બંધ કરી જુની પ્રથા ચાલુ કરાઈ
(iii) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પ્રથા રદ કરાઈ.
(iv) પ્રવાસી શિક્ષકોની પ્રથા રદ કરાઈ
(A) i, અને iii
(B) માત્ર i
(C) ii અને iii
(D) i, ii, iii અને iv તમામ

222. માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણી અંગે મતદાર યાદી પ્રમાણીત કરવાની જવાબદારી કોની છે?
(A) બોર્ડના સચિવ
(B) બોર્ડના ઉપાધ્યક્ષ
(C) ચૂંટણીમાટે નિમાયેલા ચૂંટણી અધિકારી
(D) બોર્ડના અધ્યક્ષ

223. ભારતની સુપ્રિમ કોર્ટ દ્વારા NCERT ને તાકીદ કરીને શાળાઓમાં ક્યો વિષય દાખલ કરવાનું તથા મોનિટરિંગ કરવાનું સોંપેલું?
(A) યોગ
(B) પર્યાવરણ
(C) કમ્પ્યૂટર
(D) શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન

**224.** ઇ-લર્નિંગનો મુખ્ય હેતુ ક્યો છે?

(A) સમસ્યા-ઉકેલમાં નિપુણતા

(B) સહભાગી વિવેચનાત્મક વિચારણા દ્વારા જ્ઞાનનું નિર્માણ

(C) મલ્ટી-મીડિયાનો મહત્તમ ફાયદો ઉઠાવવો

(D) અધ્યેતાના તણાવને દૂર કરવો

**225.** કન્યા કેળવણીનું પ્રમાણ વધારવા ધોરણ-1 માં પ્રવેશ મેળવતી કન્યાને 1000 રૂા. ના બોન્ડ આપવામાં આવે છે. કન્યાઓ/તેમના વાલી આ બોન્ડને ક્યારે વટાવી શકે છે?

(A) ધોરણ-7 પૂર્ણ કર્યેથી

(B) ધોરણ-10 પાસ કર્યેથી

(C) 18 વર્ષની વયની થાય ત્યારે

(D) ધોરણ-11 માં પ્રવેશ મેળવે ત્યારે

**226.** 10 વર્ષની સળંગ નોકરી ધરાવનાર સરકારી કર્મચારીને વધુમાં વધુ કેટલા માસની અસાધારણ રજા મંજૂર કરી શકાય?

(A) છ માસ

(B) બાર માસ

(C) ત્રણ માસ

(D) દસ માસ

**227.** ભારતના બંધારણના આર્ટિકલ 51A માં કરેલો ઉમેરો શાના વિશે છે?

(A) જેમનાં બાળકો 6થી 14 વર્ષનાં હોય તેવાં માતાપિતા કે વાલી પોતાની ફરજ તરીકે બાળકોને શાળામાં દાખલ કરે.

(B) માતા-પિતા/વાલી પોતાનાં સંતાનોના શિક્ષણમાં જાગૃતિપૂર્વક સહભાગી બને.

(C) માતા-પિતા/વાલીની ફરજ છે કે તેઓ સંતાનોને બાળમજૂરીથી દૂર રાખે.

(D) પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વાલી-સમિતિની રચના કરવામાં આવે.

**228.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યો અને અધિકારીઓના મુસાફરી ભથ્થાના બિલો ક્યા સત્તાધીશ મંજૂર કરે છે?

(A) સચિવ

(B) કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ

(C) નાયબ અધ્યક્ષ

(D) અધ્યક્ષ

**229.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નીચે પૈકી ક્યા અધિકારી/પદાધિકારી હોદ્દાની રૂએ વર્ગ-ક ના સભ્ય નથી?

(A) અધ્યક્ષ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

(B) અધ્યક્ષ રાજ્ય પરીક્ષા બોર્ડ

(C) અધ્યક્ષ ટેકનીકલ શિક્ષણ બોર્ડ

(D) ખાસ ફરજ પરના અધિકારી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણબોર્ડ.

**230.** આજીવિકા અને કૌશલ્ય વિકાસ એ કઈ નીતિનો મુખ્ય હેતુ છે?

(A) સાતત્ય શિક્ષા અભિયાન

(B) નિરંતર શિક્ષણ નીતિ

(C) રાષ્ટ્રીય યુવા નીતિ

(D) જન શિક્ષણ નિલયમ્

231. બોમ્બે પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ના નિયમ 70(2) માં કોની ફરજો અંગે જોગવાઈ કરાયેલ છે?
(A) મુખ્યશિક્ષક (B) શિક્ષક
(C) તાલુકા શિક્ષક (D) બીટ કેળવણી નિરીક્ષક

232. સહાયક અનુદાન નિયમ સંગ્રહ 1964 ની જોગવાઈ અન્વયે ક્યા કારણસર શાળા છોડ્યાઅંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની ના પાડી શકાય?
(A) ફી ન ભરી હોય તે કારણસર (B) વિદ્યાર્થી અનિયમિત હોય
(C) વિદ્યાર્થીએ ગંભીર ગેરવર્તણૂંક કરી હોય (D) ક્યારેય પણ ના પાડી ન શકાય

233. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 ની જોગવાઈ મુજબ જાહેર રજાના દિવસો સહિત પ્રાપ્ત રજા ઓછામાં ઓછા ............... દિવસ અને વર્ષમાં .............. વખત મંજૂર કરી શકાય છે.
(A) 5, 2 (B) 7, 3
(C) 7, 4 (D) 6, 2

234. 2010 માં થયેલ કાયદાકીય સુધારાઓ પછી પ્રાથમિક શિક્ષણ માટેની રાજ્ય સ્ટાફ પસંદગી સમિતિના અધ્યક્ષ કોણ રહે છે?
(A) પ્રાથમિક શિક્ષણ નિયામક (B) સચિવશ્રી પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ
(C) અધ્યક્ષ રાજ્ય પરીક્ષા બોર્ડ (D) નિયામક GCERT

235. "સમકાલીન વિશ્વમાં સફળ થવા માટે શિક્ષકોના વર્ગ-અધ્યાપનનો હેતુ અધ્યયન અને જ્ઞાન સંરચનાની આવડતનો વિકાસ કરવાનો હોવો જોઈએ." - આ વિધાન ક્યા દસ્તાવેજનો અગત્યનો મુદ્દો છે?
(A) NPE - 1986 (B) NCF - 2005
(C) ઈશ્વરભાઈ પટેલ સમિતિનો અહેવાલ (D) RTI અધિનિયમ

236. સ્વતંત્ર ભારતની શિક્ષણ પ્રણાલિ પાસેથી ભારતના બંધારણે ક્યા હેતુઓ સિધ્ધ કરવાની અપેક્ષા દર્શાવેલી?
(i) ઉત્પાદનશીલતા વધારવી
(ii) આધુનિકીકરણને વેગ આપવો
(iii) સામાજિક અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવી
(iv) વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ કરવો
(A) i, ii, iii (B) i, ii, iv
(C) ii, iii, iv (D) i, iii, iv

237. કોઈ પ્રાથમિક શાળા કાયમ માટે બંધ થાય તો શાળા હસ્તકનું જનરલ રજીસ્ટર સહિતનું રેકર્ડ ક્યાં સુપરત કરવાનું હોય છે?
(A) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં
(B) નજીકની પે સેન્ટર શાળામાં
(C) BRC ને સોંપવાનું હોય
(D) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં

**238.** 11મી પંચવર્ષીય યોજનામાં શિક્ષક-પ્રશિક્ષણ માટે કઇ કઇ ભલામણો કરવામાં આવેલી?
(i) શિક્ષક-પ્રશિક્ષણ આંતરવિદ્યાશાખાકીય બને.
(ii) શિક્ષકો 'જ્ઞાન'ને નવા દષ્ટિકોણથી સમજે.
(iii) શિક્ષક-પ્રશિક્ષણનો અભ્યાસક્રમ રાજ્યસ્તરે એકસમાન હોય.
(iv) શિક્ષક-પ્રશિક્ષણનું સંયોજન પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી થાય.
(A) ii, iii, iv
(B) i, ii, iii
(C) i, ii, iv
(D) i, iii, iv

**239.** પ્રાથમિક શિક્ષણ સંબંધે રાજ્યસરકારો અને સ્થાનિક સત્તા મંડળો વચ્ચે સંકલન સારી રીતે સાધી શકાય તે અંગે અભ્યાસ કરવા કઇ સમિતિ રચાઈ હતી?
(A) બી. જી. ખેર સમિતિ
(B) બળવંતરાય મહેતા સમિતિ
(C) મુદલીયાર સમિતિ
(D) આઇ. જી. પટેલ સમિતિ

**240.** હોસ્પિટલ રજા અન્ય કોઇ પ્રકારની મળવાપાત્ર રજા સાથે જોડી શકાય છે પરંતુ આવી સંયોજીત રજા સહિતનો કુલ સમયગાળો કેટલા માસથી વધુ થવો જોઇએ નહીં.
(A) 24 માસ
(B) 28 માસ
(C) 12 માસ
(D) 18 માસ

**241.** અંગ્રેજી કેળવણીની કઇ અવળી અસરને નાબૂદ કરવા માટે ગાંધીજીએ ભારતીય શિક્ષણમાં 'વર્ધા યોજના'નું નિર્માણ કરવાની પ્રેરણા અને માર્ગદર્શન આપ્યાં?
(A) અંગ્રેજી શિક્ષણથી ભારતીય સંસ્કૃતિનો નાશ થયો હતો.
(B) અંગ્રેજી શિક્ષણ પ્રથામાં ગામડાંના વિદ્યાર્થીઓ માટે કોઇ ખાસ સ્થાન ન હતું.
(C) અંગ્રેજી કેળવણીએ સમાજને 'ભણેલા' અને 'અભણ' એવા બે વર્ગમાં વિભાજિત કરી દીધો હતો.
(D) અંગ્રેજી કેળવણી વ્યક્તિમાંથી દેશપ્રેમ નાબૂદ કરી દેતી હતી.

**242.** આદર્શ યુનિવર્સિટીનો વિચાર કોણે આપેલો?
(A) લોર્ડ કર્ઝન
(B) લોર્ડ બેન્ટિક
(C) રોબર્ટ ક્લાઇવ
(D) લોર્ડ માઉન્ટબેટન

**243.** નીચે દર્શાવેલ સિધ્ધાંતો કઇ અધ્યયન-અધ્યાપન પદ્ધતિના છે?
(1) હેતુનો સિધ્ધાંત
(2) ક્રિયા કે કાર્યનો સિધ્ધાંત
(3) અનુભવનો સિધ્ધાંત
(4) સામાજિક અનુભવનો સિધ્ધાંત
(A) પ્રોજેક્ટ પધ્ધતિ
(B) કથન-ચર્ચા પધ્ધતિ
(C) વ્યાખ્યાન પધ્ધતિ
(D) સેમિનાર પધ્ધતિ

**244.** ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ પોતાના નિર્ણયની પુનઃસમીક્ષા કરી શકે છે, પરંતુ આ માટે વધુમાં વધુ કેટલા વર્ષ જુના નિર્ણયની સમીક્ષા/પુનર્વિલોકન કરી શકાય?

(A) પાંચ વર્ષ
(B) ચાર વર્ષ
(C) એક વર્ષ
(D) બે વર્ષ

**245.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળા નિયંત્રણ શાખા નવી શાળાની નોંધણી માટે કોના અંતિમ આદેશો મેળવશે?

(A) અધ્યક્ષ
(B) કારોબારી સમિતિ
(C) સામાન્ય સભા
(D) સચિવ

**246.** અનુસાક્ષરતા ઝુંબેશ (Post Literacy Compaign) નો ઉદ્દેશ શો હતો?

(A) સ્વ-અધ્યયન માટેનું પર્યાવરણ સર્જવું અને આવક ઉભી કરવા માટેનાં કૌશલો વિકસાવવાં
(B) પ્રાથમિક શાળાઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઘટાડવું.
(C) દેશનો સાક્ષરતા દર ઝડપથી ઉંચે લઈ જવો અને G.D.P. માં વધારો કરવો.
(D) સાક્ષર નાગરિકોને વધુ સાક્ષર બનાવવા અને પંચાયતીરાજ પ્રથાને સુદૃઢ કરવી.

**247.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અંગે નીચે પૈકીની કઈ બાબત ખરી નથી?

(A) પૂરતા સંસાધનોની જોગવાઈ સારુ ખુલ્લા બજારમાંથી બોર્ડ નાણાં ઉછીના લઈ શકે છે.
(B) બોર્ડના અધિકારીઓનો/કર્મચારીઓનો પગાર બોર્ડની પોતાની આવકમાંથી થાય છે.
(C) બોર્ડના અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષની નિમણૂંક સરકારશ્રી દ્વારા થાય છે.
(D) બોર્ડે પોતાના આવક અને ખર્ચના હિસાબો ઓડિટ માટે રાજ્યસરકારને મોકલવાના હોય છે.

**248.** અધ્યાપનની ત્રણ કક્ષાઓની નીચેનામાંથી કઈ ગોઠવણી નિમ્નથી ઉચ્ચ સ્તરનો ક્રમ સૂચવે છે?

(A) બોધ, સ્મૃતિ, ચિંતન
(B) સ્મૃતિ, બોધ, ચિંતન
(C) બોધ, ચિંતન, સ્મૃતિ
(D) સ્મૃતિ, ચિંતન, બોધ

**249.** RTE હેઠળ ગુજરાત સરકાર દ્વારા કઈ જવાબદારી GCERT ને સોંપેલી નથી?

(A) રાજ્યભરની પ્રાથમિક શાળામાં પાઠ્યપુસ્તકો પૂરાં પાડવાની.
(B) પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે અભ્યાસક્રમ વિકસાવવાની.
(C) પ્રાથમિક કક્ષાના ધોરણો માટે દરેક વિષયની અધ્યયન નીપજો તૈયાર કરવાની.
(D) પાઠ્યપુસ્તકો આધારિત સેવાકાલીન તાલીમ આપવાની.

250. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં વ્યૂહરચના, આયોજન અને મૂલ્યાંકનનું કાર્ય કઇ સંસ્થાની જવાબદારી છે?
(A) વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ
(B) રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ
(C) એન. સી. ટી. ઈ.
(D) અખિલ ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ

251. ગુજરાત રાજ્યમાં ધોરણ-5 માં અંગ્રેજી વિષય ફરજીયાત ભણાવવાનું ક્યારથી નક્કી કરવામાં આવ્યુ.
(A) શિક્ષણ વિભાગના 15-6-98 ના પરિપત્રથી
(B) શિક્ષણ વિભાગના 16-1-2001 ના ઠરાવથી
(C) શિક્ષણ વિભાગના 1-6-2005 ના ઠરાવથી
(D) પ્રાથમિક શિક્ષણ નિયામકના 10-7-2009 ના પરિપત્રથી

252. ગુજરાત સરકારે 2012 માં બનાવેલ નિયમો મુજબ મુખ્યશિક્ષકની નિમણૂંક સીધી ભરતીથી તેમજ બઢતીથી થઇ શકે છે. સીધી ભરતી અને બઢતીથી ભરવાની જગાનો ગુણોત્તર શું છે?
(A) 1 : 3
(B) 1 : 2
(C) 2 : 1
(D) 1 : 1

253. ગ્રાન્ટ ઈન એઈડ કોડ 1964 ની જોગવાઈ અનુસાર શિક્ષકે કેટલા સમયના અંતરે વિદ્યાર્થીઓના વજન અને ઉંચાઈના માપ લઇ તેનો રેકર્ડ રાખવાનો રહે છે?
(A) 6 માસ
(B) 1 વર્ષ
(C) 3 માસ
(D) 2 વર્ષે એક વાર

254. હાલમાં યુ.જી.સી. ના ચેરમેન કોણ છે?
(A) પ્રો. વેદપ્રકાશ
(B) પ્રો. રાજપૂત
(C) પ્રો. શ્રીવાસ્તવ
(D) પ્રો. એમ. જે. સન્ધુ

255. શિક્ષણ વિભાગના 1971ના ઠરાવ અનુસાર ‘‘ગંભીર ગેરવર્તણૂક’’ માટે દોષિત જણાયેલ વિદ્યાર્થીઓને સમગ્ર રાજ્યની કોઈપણ શાળામાં દાખલ નહીં કરવાનો નિર્ણય કયા સત્તાધિકારી કરી શકે?
(A) જિલ્લા શિક્ષણાધિકારી
(B) શિક્ષણ નિયામક
(C) શિક્ષણ સચિવ
(D) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ

256. આઝાદી પૂર્વે રાષ્ટ્રીય શિક્ષણ આપવાના ઉદ્દેશથી લાહોરમાં કઇ કોલેજની સ્થાપના આવી?
(A) દયાનંદ એંગ્લો વૈદિક કોલેજ
(B) હિન્દુસ્તાન મજહબી કોલેજ
(C) લાહોર કોલેજ ફોર કલ્ચરલ સ્ટડિઝ
(D) હિન્દ તાલીમ સેન્ટર

257. IGNOU ની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી?
(A) 1975
(B) 1980
(C) 1985
(D) 1990

258. મધ્યકાલીન શિક્ષણમાં પ્રાથમિક શિક્ષણનું કેન્દ્ર કયુ હતું?
(A) મંદિર
(B) મદરેસા
(C) મકતબ
(D) માધ્યમિકા

259. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર કાયદો 2009 અનુસાર ધોરણ 1 થી 5 માં 90 કુમારો અને 70 કન્યાઓ ધરાવતી શાળામાં કેટલા શિક્ષકો હોવા જોઈએ?
(A) 4
(B) 3
(C) 5
(D) 2

260. RTE કાયદા 2009 અનુસાર શિક્ષકને શિક્ષણ ઉપરાંત નીચે પૈકીની કઇ ફરજ સોંપી શકાય?
(A) કૃષિ વિષયક મોજણી
(B) દસવર્ષીય વસ્તી ગણતરી
(C) આપત્તિ વ્યવસ્થાપન પૂર્વ-મોજણી
(D) પશુ વસ્તી ગણતરી

261. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા દરેક વિષયમાં ઓછામાં ઓછા કેટલા ટકા ગુણ પ્રાપ્ત કરવાના હોય છે.
(A) 35
(B) 33
(C) 40
(D) 45

262. "નિરક્ષરતા એ ભારતનું પાપ અને શરમ છે." આ વિધાન કોણે કરેલું?
(A) વલ્લભભાઈ પટેલ
(B) રવીન્દ્રનાથ ટાગોર
(C) ગાંધીજી
(D) સ્વામી વિવેકાનંદ

263. પરંપરાગત પ્રાથમિક શાળામાં અભ્યાસ ન કર્યો હોય અને માધ્યમિક શાળાંત પરીક્ષા આપવાની ઈચ્છા ધરાવતી કોઇ વ્યક્તિ કેટલા વર્ષની વય પૂર્ણ કરે તો ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપી શકે?
(A) 15
(B) 18
(C) 17
(D) 14

264. પ્રથમ વસ્તી ગણતરીમાં ભારતના લોકોની સાક્ષરતાનો દર કેટલો નોંધાયો હતો?
(A) 18 ટકા
(B) 25 ટકા
(C) 28 ટકા
(D) 38 ટકા

265. અર્ધપગારી રજા બાબતે કયુ વિધાન સાચુ નથી?
(A) વર્ષમાં એક વાર જમા થાય છે.
(B) હંગામી કર્મચારીને મળવા પાત્ર છે.
(C) અમર્યાદિત જમા થઈ શકે છે.
(D) વર્ષમાં 20 રજા જમા થાય છે.

266. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ ગ્રાન્ટ-ઈન-એઈડ-કોડ સમિતિના અધ્યક્ષ કોણ હતા?
(A) લાલભાઈ દેસાઈ
(B) શ્રીમતી હંસાબહેન મહેતા
(C) ડૉ. જીવરાજ મહેતા
(D) ઠાકોર દેસાઈ

267. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 ક્યારથી અમલમાં આવ્યા?
(A) 1 જુલાઈ 1974
(B) 1 એપ્રીલ 1974
(C) 16 માર્ચ 1974
(D) 15 જૂન 1974

268. બૌદ્ધકાલીન શિક્ષણના મુખ્ય લક્ષ્યો કયા હતા?
(i) આત્મસાક્ષાત્કાર
(ii) નૈતિક ચારિત્ર્ય
(iii) સામાજિક કૌશલો
(iv) ધાર્મિક વિકાસ
(A) i, iii, iv
(B) ii, iii, iv
(C) i, ii, iii
(D) i, ii, iv

269. ''દિવસ દરમિયાન વ્યવસાયમાં રોકાયેલા છોકરાઓ અને પ્રૌઢો માટે રાત્રિશાળા સ્થાપવી.'' - આ ભલામણ કોણે કરેલી છે?
(A) મુદલિયાર પંચ
(B) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ
(C) હંટર કમિશન
(D) રામમૂર્તિ સમિતિ

270. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949ની જોગવાઈ અનુસાર વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવાનું કયા ધોરણથી શરૂ કરી શકાય?
(A) ધોરણ-1
(B) ધોરણ-2
(C) ધોરણ-3
(D) ધોરણ-4

271. માનવ સંસાધન વિકાસ મંત્રાલયનો 'ઉડાન' પ્રોજેક્ટ મુખ્યત્વે શાના માટે છે?
(A) ઈજનેરી શાખામાં કન્યાના પ્રવેશના પ્રમાણને સુધારવા માટે
(B) કૃષિ વિદ્યાશાખામાં કન્યાઓની નોંધણી વધારવા માટે.
(C) એરફોર્સમાં જોડાવા માટે કન્યાઓને પ્રોત્સાહન આપવા.
(D) સ્વરોજગારી ઊભી કરવા માટે કન્યાઓને સહાય અને માર્ગદર્શન આપવા.

272. બોમ્બે પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ના નિયમ 16 મુજબ જીલ્લા શાળા બોર્ડની બેઠક બોલાવવા સામાન્ય સંજોગો અને વિશિષ્ઠ સંજોગોમાં અનુક્રમે કેટલા દિવસની નોટિસ આપવાની હોય છે?
(A) 12 અને 07
(B) 15 અને 10
(C) 10 અને 05
(D) 07 અને 03

**273.** અનુદાનપાત્ર માધ્યમિક શાળાના કારકુને રાજીનામું આપવાનું હોય ત્યારે કયા સત્તાધીશ સમક્ષ તે રજૂ કરવાનું હોય છે?

(A) જિલ્લા શિક્ષણાધિકારી (B) નિયામક, શાળાઓ

(C) સંચાલક મંડળ (D) શાળાના આચાર્ય

**274.** છોકરીઓ માટેની માધ્યમિક શાળામાં શાળા-સંખ્યાના કેટલા ટકા સુધી છોકરાઓને દાખલ કરી શકાય?

(A) એક પણ નહીં. (B) 10% સુધી.

(C) 30% સુધી. (D) 20% સુધી.

**275.** પ્રાથમિક શાળામાં બાળકોને માતૃભાષાના માધ્યમથી શિક્ષણ મળે તે માટે પર્યાપ્ત સુવિધા પૂરી પાડવાની જવાબદારી રાજ્યની છે.- આ જોગવાઈ બંધારણના કયા આર્ટિકલ અંતર્ગત કરવામાં આવી છે?

(A) 45 A (B) 29 A

(C) 15 A (D) 350A

**276.** વિદ્યાદીપ યોજનાનું પ્રિમિયમ કોના દ્વારા ચુકવવામાં આવે છે?

(A) ગ્રામ-પંચાયત દ્વારા (B) વાલી દ્વારા

(C) ગુજરાત સરકાર દ્વારા (D) કેન્દ્ર સરકાર દ્વારા

**277.** કયા શિક્ષણ પંચે ધાર્મિક શિક્ષણની ભલામણ કરી?

(A) રાષ્ટ્રીય શિક્ષણ પંચ (B) યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન

(C) કોઠારી કમિશન (D) હાર્ટોગ કમિશન

**278.** બિન જમા રજાની મર્યાદા સમગ્ર નોકરી દરમ્યાન અધિકતમ ............ દિવસની છે, એકી સમયે ............ દિવસથી વધુ નહી તેટલી અને તબીબી પ્રમાણપત્રના આધાર સિવાયની બધી મળીને ............ દિવસની બિન જમા રજા મંજૂર કરી શકાય.

(A) 180, 60, 120 (B) 240, 75, 150

(C) 360, 90, 180 (D) 720, 150, 240

**279.** RTE કાયદા 2009 અનુસાર શિક્ષક માટે તૈયારી કરવાના સમય સાથે કુલ કેટલા કલાક શિક્ષણકાર્ય કરવુ આવશ્યક છે?

(A) સપ્તાહમાં 27 કલાક (B) સપ્તાહમાં 45 કલાક

(C) સપ્તાહમાં 48 કલાક (D) સપ્તાહમાં 36 કલાક

**280.** ગુજરાત રાજ્યમાં "રાજ્ય પુરસ્કૃત પ્રૌઢ શિક્ષણ" યોજના ક્યારે અમલમાં આવી, તેનો હેતુ શો હતો?

(A) 1980-81, વર્ગખંડ શિક્ષણ

(B) 1978, પત્રાચાર શિક્ષણ

(C) 1979-સાંસ્કૃતિક કાર્યક્રમ માધ્યમથી શિક્ષણ

(D) 1982, વ્યવસાયલક્ષી શિક્ષણ

281. ગ્રામ્યવિસ્તારની સ્વનિર્ભર માધ્યમિક શાળા 1 કી.મી. થી ઓછા અંતરે આવેલ અન્ય સ્થળે જવા માગે છે. આ મંજૂરી આપવાની સત્તા કોણ ધરાવે છે.

(A) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) જિલ્લા શિક્ષણાધિકારી
(C) માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ
(D) કમિશ્નરશ્રી શાળાઓ

282. શાળાનો અભ્યાસ છોડી દીધા પછી કોઇ વ્યક્તિને જન્મતારીખમાં સુધારો કરવો હોય તો કઇ કાર્યવાહી કરવાની રહે.

(A) આધાર પુરાવા રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીના આદેશો મેળવવા પડે.
(B) પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ સમક્ષ આધાર પુરાવા રજૂકરી આદેશો મેળવવાના રહે.
(C) માધ્યમિક શિક્ષણબોર્ડને અરજી કરી રૂબરુ સુનાવણીમાં હાજર રહેવુ પડે.
(D) એકવાર શાળા છોડી દીધા પછી જન્મતારીખમાં સુધારો ન થઇ શકે.

283. ''ધર્મ કે ભાષાના આધારે બનેલા લઘુમતી જૂથને પોતાની પસંદગી પ્રમાણેની શિક્ષણસંસ્થા સ્થાપિત કરવાનો અને તેનો વહીવટ કરવાની છૂટ છે.'' - આવી જોગવાઇ ભારતના બંધારણમાં છે?

(A) હા
(B) ના
(C) માંગણી પડેલી છે.
(D) પ્રારંભમાં હતી, પછીથી દૂર કરી.

284. TAT ; શિક્ષક અભિરૂચી કસોટીની વ્યાખ્યા નીચે પૈકીના કયા કાયદા/નિયમ/વિનિયમમાં આપેલ છે.

(A) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ અધિનિયમ 1972 ના છેલ્લા સુધારામાં
(B) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 ના છેલ્લા સુધારામાં.
(C) રાજ્ય સરકારે ફેબ્રુઆરી 2011 ના જાહેરનામાથી પ્રસિદ્ધ કરેલ શિક્ષકો અને આચાર્યની પસંદગી કાર્યવાહી નિયમોમાં
(D) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકારનો અધિનિયમ 2009 માં

285. સ્વૈચ્છિક નિવૃત્તી માટે પેન્શનપાત્ર સેવાની ગણતરીમાં નીચે પૈકી કઇ રજાનો સમય બાદ કરવામાં આવે છે.

(A) અસાધારણ રજા
(B) ખાસ અશક્તતાની રજા
(C) હોસ્પિટલ રજા
(D) બિન જમા રજા

286. અધ્યાપનની એ કઇ નૂતન પ્રવિધિ છે કે જેના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં વિકેન્દ્રિતચિંતન તથા સમસ્યા-ઉકેલની શક્તિનો વિકાસ થાય છે?

(A) પાત્ર ભજવણી (Role-play)
(B) અનુરૂપણ (Simulation)
(C) મનોઝંઝાવાત (Brain-storming)
(D) પ્રવાસ-પર્યટન (Tour & picnics)

**287.** ઓછામાં ઓછી એક વર્ષની સળંગ નોકરીવાળી હંગામી સરકારી જગાએથી નોકરીનો હવાલો છોડી, સરકારી કર્મચારી બીજી નિમણૂંકની જગાએ હાજર થાય તે દરમ્યાનનો સમય ગાળો કેટલા દિવસથી વધતો ન હોય તો જૂની જગાઓ તેની ચડેલી બધા પ્રકારની રજા તેની નવી નિમણૂંકની જગાના રજાના હિસાબમાં જમાં કરી શકાય.

(A) 10
(B) 15
(C) 7
(D) 6

**288.** ફક્ત છોકરાઓ માટે જ રજીસ્ટર થયેલ હોય તેવી માધ્યમિક શાળામાં છોકરીઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે વિનિયમો-1974 ની જોગવાઈ અનુસાર સ્ત્રી શિક્ષકો રાખવાના ધોરણો શું છે?

(A) ઓછામાં ઓછી એક સ્ત્રી શિક્ષક
(B) 40 છોકરીઓ દીઠ ઓછામાં ઓછી એક સ્ત્રી શિક્ષક
(C) 60 છોકરીઓ દીઠ ઓછામાં ઓછી એક સ્ત્રી-શિક્ષક
(D) વિનિયમો માં આ અંગે કોઈ જોગવાઈ નથી

**289.** ICT નિર્દેશિત અધ્યયનમાં સફળ થવા માટે વિદ્યાર્થીમાં કઇ શક્તિ હોવી ખૂબ જરૂરી છે?

(A) લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિ
(B) વિષયવસ્તુમાં ઊંડી અભિરુચિ ધરાવવી
(C) માહિતીની યથાર્થતા ચકાસવાની ક્ષમતા
(D) ઓન-લાઈન શિક્ષક પાસેથી સતત માર્ગદર્શન મેળવવાની આવડત

**290.** નોંધાયેલી માધ્યમિક શાળા બંધ કરવા બાબતે નીચે પૈકીના કયા વિધાનો ખરા છે.

(i) સંચાલક શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળા બંધ કરવાનુ વિચારે તો ઓછામાં ઓછા 6 માસ અગાઉ બોર્ડને નોટિસ આપી તેમ કરી શકે.
(ii) શૈક્ષણિક વર્ષપુરુથતાની સાથે જ શાળા બંધ કરવાનો ઈરાદો હોય તો બીજા સત્ર સમાપ્તિ પૂર્વે બોર્ડને સંચાલકે માત્ર જાણ કરવાની હોય છે.
(iii) શાળા બંધ કરવાઅંગે કાયદાથી નિયત થયેલ જોગવાઈના ભંગ બદલ દોષિત ઠર્યેથી સંચાલકને રૂ। 1000 સુધીનો દંડ થઈ શકે.

(A) માત્ર i
(B) માત્ર i અને ii
(C) i અને iii
(D) i, ii અને iii

**291.** AICTE ની સ્થાપના કઇ સમિતિની ભલામણના આધારે કરવામાં આવેલી?

(A) જનાર્દન રેડ્ડી સમિતિ
(B) રામમૂર્તિ સમિતિ
(C) સામ પિત્રોડા સમિતિ
(D) વિશ્વેશ્વરૈયા સમિતિ

292. શિક્ષણ વિભાગની 3-11-87 ની સૂચનાનુસાર કોઈ શાળાએ ઓડિટ સ્ટેટમેન્ટ સમયસર ન મોકલ્યુ હોય તો જીલ્લા શિક્ષણાધિકારી કઈ કાર્યવાહી કરી શકે?
(A) નિયામકશ્રીને પગલા લેવા દરખાસ્ત કરે
(B) લેખિત ઠપકો આપી શકે
(C) ગ્રાન્ટકાપ આપી શકે
(D) કાયમીગ્રાન્ટ કાપ આપી શકે

293. રાષ્ટ્રીય સ્તરે કાર્ય કરતી સંસ્થા NCERT ના મહત્ત્વના કાર્યોમાં નીચે પૈકીની કઈ બાબતનો સમાવેશ થતો નથી?
(A) શાળાકીય શિક્ષણને લગતી સંશોધન પ્રવૃત્તિઓ
(B) પ્રી-સર્વીસ અને ઈન-સર્વીસ તાલીમ આપી પ્રાથમિક, માધ્યમિક અને પૂર્વ પ્રાથમિક સ્તરના શિક્ષકોને સજ્જ કરવા
(C) કેન્દ્રીય વિદ્યાલયોની પરીક્ષાઓ યોજવી.
(D) અભ્યાસક્રમ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સુધારા સૂચવવા

294. પૂર્વસેવા શિક્ષક પ્રશિક્ષણ આપવાનું કામ કઈ કઈ સંસ્થાઓ કરે છે?
(i) DIET
(ii) GCERT
(iii) D.EL. Ed. કોલેજો
(iv) માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલયો
(A) i, ii, iii
(B) i, iii, iv
(C) i, ii, iv
(D) ii, iii, iv

295. રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના આચાર્યો અને શિક્ષકોને બોર્ડ દ્વારા યોજાતી પરીક્ષા સંબંધી ફરજો બજાવવા માટે આદેશ આપવાની બોર્ડની સત્તા કયા વર્ષથી અધિનિયમમાં ઉમેરવામાં આવી.
(A) શરુઆતથીજ, 1972
(B) 1976
(C) 2002
(D) 2005

296. શાળા સંચાલન સમિતિ (SMC) માં RTE કાયદા 2009 ની જોગવાઈ અનુસાર ઓછામાં ઓછા કેટલા વાલીઓને રાખવા જોઈએ?
(A) 5
(B) સમિતિના સભ્ય સંખ્યાના 50%
(C) સમિતિના સભ્ય સંખ્યાના 75%
(D) વિદ્યાર્થી સંખ્યાના 33%

297. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 અનુસાર બોર્ડમાં ચૂંટાયેલા કે નિયુક્ત થયેલા સભ્ય, બોર્ડના લાગલગાટ ત્રણ બેઠકોમાં અધ્યક્ષની પરવાનગી વગર ગેરહાજર રહે તો શું પરિણામ આવે?
(A) 21 દિવસની નોટિસ મળશે
(B) રૂ. 1000 નો દંડ થશે
(C) શિક્ષણમંત્રીને ફરિયાદ કરવામાં આવશે
(D) હોદ્દો ખાલી પડશે

**298.** GSWAN નું પૂર્ણ રૂપ શું છે?
(A) ગુજરાત સ્ટેટ વાયરલેસ એન્ડ નેટવર્ક
(B) ગુજરાત સ્ટેટ વીથ એરિયા નેટવર્ક
(C) ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક
(D) ગુજરાત સર્ચ વીથ એકેડેમિક નેટવર્ક

**299.** આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિન કઈ તારીખે ઉજવાય છે?
(A) 8 માર્ચ
(B) 8 ઓગસ્ટ
(C) 8 સપ્ટેમ્બર
(D) 8 ડિસેમ્બર

**300.** નેશનલ ઓપન યુનિવર્સિટીની ભલામણ કરનાર સમિતિ કઈ હતી?
(A) જી. પાર્થસારથિ સમિતિ
(B) રામમૂર્તિ સમિતિ
(C) ઈશ્વરભાઈ પટેલ સમિતિ
(D) ડૉ. હંસા મહેતા સમિતિ